ગાંધીનગર સમાચાર

તા. ૨૫-૩-૨૦૧૩, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

### શું મનોરંજનના નામે મૂળ કૃતિ સામે ધોખો યોગ્ય છે

સંજય લીલા ભણસાળીને અવનવાં કલાસિકસ પરથી સફળ ફિલ્મો બનાવવાનો કિમીયો હાથવગો બની ગયા પછી એમની નજર ટેલિવિઝન પર બગડી છે. એમણે શરદબાબુના 'દેવદાસ'ને સંજય લીલા ભણસાળીનો દેવદાસ બનાવી દીધો ત્યારે પણ કેટલીક ભ્રમરો જરૂર ખેંચાઈ હતી. પરંતુ ગુજરાતી ભાષાની 'ન તો ભૂતો ન ભવિષ્યતિ' જેવી સદાબહાર મહાનવલ પર આધુનિકતાનો ઢોળ ચડાવી એને ગરમાગરમ તલોદના ગોટાની જેમ પીરસવાની એમની દાનત સામે હજી કોઈ સાક્ષરી સ્વર બુલંદ થયો નથી. તે આપણા ગુજરાતીઓની વણિકવૃત્તિનો જ પુરાવો નથી શું? 'સરસ્વતીચંદ્ર'ના નાયક તરીકે પંજાબી કલાકારને પસંદ કરીને નિર્માતાએ ગુજરાતીઓની ઉદારતાનું ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે એમ માની લઈએ પરંતુ ગોવર્ધનરામ ત્રિપાઠીના અજરામર ભદ્ર નાયકને સૂટેડ-બૂટેડ સ્વરૂપમાં રજૂ કરવાની ગુસ્તાખી ગુજરાતી પ્રજાએ માફ કરવી જોઈએ ખરી? ગોવર્ધનરામ ત્રિપાઠીનો આત્મા જ્યાં હશે ત્યાં કાળી કળેળાટી મચાવી રહ્યો હશે. બલકે લ્યાનત છે ગુજરાતની સાક્ષરી આલમને કે એ પોતાના અમર વારસા સમી કૃતિ સાથે એક ધંધાદારી ફિલ્મ નિર્માતા મનફાવે એવી બળજબરી કરે છે. તે મૂંગા મોં એ સહી લે છે. સંસ્કૃતિના પ્રતિક સમો પોષાક અને પરિવેશ બદલી નાંખ્યો. છતાં એમના પેટનું પાણી હાલતું નથી. સાડા છ કરોડ ગુજરાતીઓના હિતોની રખેવાળી કરનારા મુખ્યમંત્રી પોતે અચ્છા લેખક છે. શું ગુજરાતી ભાષાના અમર કલાસિકની નાલેશી અટકાવવાની એમની ફરજ નથી? ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીના માનસપુત્ર સમા સરસ્વતીચંદ્રની દુર્દશા થતી રહે અને ગુજરાતની અસ્મિતાના ઉદ્‌ગાતા ચૂપ બેસી રહે તે શું ગણાય? ભલે ત્રિપાઠી પરિવાર કે નવલકથાના કૉપી રાઈટ ધારકોએ રૉયલ્ટીના લોભમાં કે નિર્માતાના નામથી પ્રભાવિત થઈ અભરામ નંદાવે વેચાણ દસ્તાવેજ કરી આપ્યો હોય પરંતુ આવી મહાન કૃતિ પર કોઈ એક પરિવાર કે પ્રકાશનગૃહના કાયદેસર હકો ઉપરાંત સમસ્ત પ્રજા સમુદાયનો પણ સાંસ્કૃતિ વારસાઈ હક ગણાવો ઘટે. સરૈયાના બોલપટવાળો સરસ્વતીચંદ્ર સહ્ય હતો, સંજય લીલા ભણસાળીનો સરસ્વતીચંદ્ર અશોભનીય છે, અસહ્ય અને અભદ્ર છે. ફક્ત ટીઆરપીની ટંકશાળ પાડવા માટે મહાન લેખકની મહાનવલના મહાનાયકને વામણો બનાવી દેવાયો છે. કાલે કોઈ શ્રીકૃષ્ણને પણ સૂટેડ બૂટેડ સ્વરૂપે રજૂ કરવાની જુર્રત કરશે; રામના હાથમાં ધનુષને બદલે 'એ.કે. ૫૬' પકડાવી દેશે તો કેવું લાગશે? સંસ્કૃતિ સાથેનાં આવાં અડપલાં કે અટકચાળાં નવી પેઢીને ગમતાં હોય તો પણ સુજ્ઞ-પ્રબુધ્ધ વડીલોએ એવી વૃત્તિ પર બ્રેક લગાવવા આગળ આવવું જોઈએ. અગાઉ હિંદીના ખ્યાતનામ નવલકથાકાર ભગવતી ચરણ વર્માની યશોદાયિની નવકથા 'ચિત્રલેખા' પરથી બે વાર ફિલ્મ બનાવાઈ હતી. કેદાર શર્મા નિર્મિત 'ચિત્રલેખા'નું પહેલું સંસ્કરણ નવલકથાને વિશેષ વફાદાર હતું. પરંતુ રંગીન 'ચિત્રલેખા'માં પચ્ચીસ વર્ષના યુવાન કુમારગિરિનું પાત્ર સિત્તેર વટાવી ચૂકેલા અશોક કુમારને આપી મૂળ કથાની મજા બગાડી દેવામાં આવી હતી. 'માનવીની ભવાઈ ' નામની ફિલ્મમાં ઉપેન્દ્ર ત્રિવેદીએ કાળુનું પાત્ર ભજવી પન્નાલાલના કાળુને ભારોભાર અન્યાય કર્યો હતો. એટલું ઓછું હોય એમ તેઓ છપ્પનિયા દુકાળની થીમ પર આધારિત કલાસિકમાં નર્મદાનાં નીર લઈ આવ્યા હતા!

## ગુજરાતને 'શ્રેષ્ઠ સાંસ્કૃતિક સ્થળ' તરીકેનો એવોર્ડ એનાયત કર્યો

ગાંધીનગર , તા. ૨૪

ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ પેસિફિક એરીયા ટ્રાવેલ રાઈટર્સ એસોસિએશને તાજેતરમાં તા. ૮ માર્ચ, ૨૦૧૩ ના રોજ ફેડરલ રિપ્બલીક ઓફ જર્મનીમાં બર્લીન ખાતે યોજાયેલા આઈટીબી કન્વેન્શનમાં ગુજરાતને 'શ્રેષ્ઠ સાંસ્કૃતિક સ્થળ' નો એવાર્ડ એનાયત કર્યો છે.

દુનિયાભરમાં થી આવેલા રાજદ્વારીઓ, રાજ્યના પ્રેફેશનલ્સ, પ્રવાસન પ્રધાન અને મિડિયાની મોટી સંખ્યામાં હાજરી વચ્ચે યોજાયેલા સમારંભમાં આ એવાર્ડ યુએનડબલ્યુટીઓના એક્ઝિક્યુટિવ ડિરેકટર શ્રી ફ્રેડરીક પીરેટના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. પટવા દર વર્ષે વિશ્વના સૌથી મોટા ટ્રાવેલ ફૅર, આઈટીબી બર્લીન ખાતે ઈન્ટરનેશનલ એવાર્ડઝનું આયોજન કરે છે, જેમાં ૧૮૦ થી વધુ દેશોના એક્ઝિબીટર્સ અને ૭,૦૦૦ થી વધુ પત્રકારો હાજરી આપે છે. મેસ બર્લીનના સહયોગથી પટવા એવાર્ડઝ પ્રવાસન સાથે સંકળાયેલી સરકારો, વ્યક્તિઓ અને સંસ્થાઓને અને વિવિધ ક્ષેત્રો જેવાં કે હોટેલ્સ, ટ્રાવેલ એજન્સીઝ, ટુર ઓપરેટર્સ સરકારી એજન્સીઓને ઍવોર્ડ એનાયત કરવામાં આવે છે.

પટવા એ વિશ્વનું સૌથી મોટું 'ટ્રાવેલ રાઈટર્સ' ઓર્ગેનાઈઝેશન છે જેમાં દુનિયાના ૭૦ દેશના સભ્યો છે. પટવા ઈન્ટરનેશનલ ઍવોર્ડનો ઉદેશ ઉંડીયન, હોસ્પિટાલિટી અને ટુરિઝમ ઉદ્યોગના વિવિધ સ્થળોના ઉદ્યોગ સાહસિકોના મૂલ્યવાન પ્રદાનનું સન્માન કરવાનો છે. ગુજરાતે ગયા વર્ષે પણ આ સમારંભમાં ઍવોર્ડ હાંસલ કર્યો હતો. આ વર્ષે ગુજરાતને 'શ્રેષ્ઠ સાંસ્કૃતિક સ્થળ' તરીકેનો ઍવોર્ડ આઈટીબી કન્વેન્શન ૨૦૧૨ માં એનાયત કરવામાં આવ્યો છે.



વિશ્વ વન દિવસ ઉજવણી અનુસંધાને એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક શાળાના આઠમા ધોરણના વિદ્યાર્થીઓએ શાળા પટાંગણમાં વિધ-વિધ છોડવાઓ લાવી, માટી એકઠી કરી, કુંડામાં ખાતર અને માટી ભેળવી છોડવાઓ રોપીને તેની માવજતની નેમ લીધી હતી. શાળાના વિદ્યાર્થીઓએ પોતાની પર્યાવરણ પ્રેમની ઝંખનાને અલાયદા કુંડામાં છોડવા રોપી પ્રગટ કરી હતી. આ બાબતે શાળાના આચાર્યાનું જરૂરી માર્ગદર્શન મળી રહ્યું હતું.

## ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત ગઝલકારોનો મુશાયરો યોજાયો

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત સાહિત્ય અકાદમી અંતર્ગત વલી ગુજરાતી ગઝલ કેન્દ્ર દ્વારા ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત ગઝલકારોનો મુશાયરો ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે યોજાયો હતો.

રા.વિ. પાઠક સભાગૃહમાં ગઝલકારોનો ગઝલબાગ મહેંકી ઉઠ્યો હતો. 'આવો મળીએ મજા આવશે, થોડી ગમતી હવા આવશે, આજે તમને જોયા છે ને આજે નવા સપના આવશે' ગઝલકાર કિરણસિંહ ચૌહાણની આ ગઝલ સમો માહોલ મુશાયરાનો હતો. રસજ્ઞ શ્રોતાઓથી ખીચોખીચ ભરેલો હોલ જાણે શહેરની સાહિત્ય ભૂખ ઓછી નથી થઈ તેની પ્રતિતિ કરાવતો હતો.

ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત ગઝલકાર સર્વશ્રી અમરપાલનપુરી, કિશન સોસા., ખલીલ ધનતેજવી, ચિનુ મોદી, જલન માતરી, ભાવેશ ભટ્ટ, રાજેન્દ્ર શુકલ, રાજેશ વ્યાસ 'મિસ્કિન', હરકિશન જોષી, હરીશ મિનાશ્રુ, હર્ષદ ત્રિવેદી અને હર્ષ બ્રહ્મભટ્ટે ગુજરાતી ભાષાને શબ્દોથી ધન્ય કરી દીધી હતી. રસ તરબોળ શ્રોતાજનોએ ગઝલોને ઝીલી હતી.

ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર અને સભ્યસચિવ શ્રી હર્ષદ ત્રિવેદીએ સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંચાલન કર્યું હતું.

કવિ હર્ષ બ્રહ્મભટ્ટના આ શેર 'તું મને ના માપ એના કદ થકી, હોય છે હંમેશ પડછાયો ગલત' ઉર્દુ ગઝલકાર વલી ગુજરાતીને સ્મરણાંજલિ અર્પતા શ્રી હર્ષ બ્રહ્મભટ્ટે ઉર્દુ ગઝલો રજૂ કરી હતી.

## સચિવાલયની બાસ્કેટબોલ ટીમ પોર્ટબ્લેયર પહોંચી

ગાંધીનગર, તા. ૨૪

ભારત સરકારના કેન્દ્રીય મુલ્કી સેવા અને ક્રિડા સંસ્થાન નવી દિલ્હીના ઉપક્રમે યોજાયેલ બાસ્કેટબોલની સ્પર્ધામાં ભાગ લેવા ગુજરાતની ટીમ રવાના થઈ છે.

સુનીલ ઠક્કર, નયન સોલંકી, દિપેશ રાજ, વાય.એમ. ડેરૈયા, સુરેન્દ્રસિંહ ગોહિલ, દિલીપસિંહ રાણા, પી.પી. પરમાર, મિત્તુલ જીલડીયા, અલ્તાફ સોઢા, ગોવિંદભાઈ આલ, જયેશ પંડ્યા અને કિરણ પરમારની બનેલી ટીમ આ સ્પર્ધા માટે પોર્ટબ્લેયર જવા રવાના થઈ ગઈ છે.

## મહિલા અને બાળ કલ્યાણક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ ગીતાબેન મહેતાને પુરસ્કાર

ગાંધીનગર, તા. ૨૪

મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવા અને બાળકોનાં શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર અમદાવાદના શ્રીમતી ગીતાબેન ટપુભાઈ મહેતાની રાજય સરકાર દ્વારા શ્રેષ્ઠ મહિલા કાર્યકર તરીકે પસંદગી કરવામાં આવી છે. તે બદલ વ્યક્તિગત મહિલા પુરસ્કારમાં રૂા. ૫૦ હજાર રોકડા અને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું છે.



સાહેબ, અત્રે ચિત્ર પ્રદર્શનમાં, કલાકારે ગ્લોબલ વોર્મિંગ - હીટવેવનાં લીધે ભૂતકાળમાં પહેરાતા વસ્ત્રથી શરૂ કરીને ૨૦૫૦ સુધીમાં આપણાં વસ્ત્રોની ડિઝાઈનમાં કેવા ફેરફાર આવશે તે દર્શાવ્યું છે.

## ગાંધીનગર જિલ્લાનો સાંસ્કૃતિક મહોત્સવ આંત્રોલી ખાતે યોજાયો

દહેગામ, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાની પ્રા. શાળાઓના યોજાયેલ સાંસ્કૃતિક મહોત્સવમાં દહેગામ અને ગાંધીનગર તાલુકો છવાયેલા રહ્યા હતા.

દહેગામ તાલુકાના આંત્રોલી ખાતે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં દહેગામ અને ગાંધીનગરના સ્પર્ધકોએ મેદાન માર્યુ હતુ એટલુ જ નહિ શિક્ષકો માટે યોજાયેલ ભજન સ્પર્ધા અને એકપાત્રિય અભિનય સ્પર્ધામાં પણ આ તાલુકાએ મેદાન માર્યુ હતુ.

સાંસ્કૃતિક મહોત્સવ નિમિત્તે ગુજરાતની પ્રથમ ગ્રીન સ્કૂલ તરીકેનો એવોર્ડ પણ આંત્રોલી પ્રા. શાળાને સાંસદ જગદીશ ઠાકોર અને ધારાસભ્ય શ્રીમતિ કામીનીબા રાઠોડની ઉપસ્થિતિમાં અપાયો હતો. આ સાંસ્કૃતિક મહોત્સવમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી શામળભાઈ પટેલ તથા નાયબ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારોટ, જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકી, સંયોજક શ્રી સંજયભાઈ તેમજ શિક્ષક સંઘના અગ્રણીઓ શ્રી બળદેવભાઈ ચૌધરી, શ્રી મીઠાભાઈ સહિતના હાજર રહ્યા હતા. સાંસ્કૃતિક મહોત્સવની રાસ સ્પર્ધામાં દહેગામ પ્રથમ સ્થાને અને ગાંધીનગર બીજા સ્થાને, ગરબામાં દહેગામ પ્રથમ સ્થાને અને ગાંધીનગર બીજા સ્થાને, એકપાત્રિય અભિનય સ્પર્ધામાં દહેગામ પ્રથમ સ્થાને તથા કલોલ બીજા સ્થાને દેશભક્તિના ગીતોમાં પ્રથમ સ્થાને માણસા અને બીજા સ્થાને દહેગામ તેમજ લોકનૃત્ય સ્પર્ધામાં પ્રથમ સ્થાને દહેગામ અને બીજા સ્થાને કલોલ રહ્યું હતું. શિક્ષકો માટેની એકપાત્રિય સ્પર્ધામાં પ્રથમ સ્થાને ગાંધીનગર અને દ્વિતીય સ્થાને દહેગામ તથા ભજન સ્પર્ધામાં પમ પ્રથમ સ્થાને ગાંધીનગર અને દ્વિતીય સ્થાને દહેગામ રહેવા પામ્યુ હતુ. વિજેતાઓને મહેમાનોના હસ્તે પ્રમાણપત્રો અને ઈનામો એનાયત કરાયા હતા.

## ગ્રાન્ટેડ કોલેજના શિક્ષકોને એક વર્ષનો પગાર તફાવત રોકડમાં

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળ દ્વારા કરાયેલી રજુઆતના પગલે તા. ૧-૪-૨૦૦૯થી તા. ૩૧-૩-૨૦૧૦ સુધીના પગાર તફાવતની રકમ રોકડમાં ચુકવવાની તથા તા. ૧-૧૦-૨૦૧૨થી મેડીકલ એલાઉન્સ રૂા. ૩૦૦/- લેખે (૧૦૦ને બદલે) ચુકવવાના આદેશો નાણાં વિભાગની તા. ૧૮-૩-૨૦૧૩થી મળેલી અનુમતીના પગલે તા. ૨૧-૩-૨૦૧૩ના રોજ શિક્ષણ વિભાગે પરીપત્ર બહાર પાડ્યો છે.

યુનિવર્સિટી સિન્ડીકેટ સભ્ય પ્રો. જશવંત ઠક્કરે જણાવ્યું હતું કે, પરીપત્રને કારણે દરેક અધ્યાપકને રૂા. ૪ થી ૫ લાખ વચ્ચેની રકમ રોકડમાં મળવાપાત્ર થાય છે. ગુજરાત સરકારે છઠ્ઠા પગાર પંચનો સ્વીકાર કર્યા બાદ રાજયની સરકારી કોલેજોના અધ્યાપકોના ફીક્શેસન કરી તા. ૧-૪-૨૦૦૯થી નવા પગાર ધોરણનો લાભ આપવામાં આવ્યો હતો. પરંતુ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોના અધ્યાપકોના ફીકશેસન લેટ થતાં તા. ૧-૪-૨૦૧૦થી નવા પગાર ચુકવવાનું શરૂ કરવામાં આવ્યું હતું પરીણામે તા. ૧-૧-૨૦૦૬થી તા. ૩૧-૩-૨૦૦૯ સુધીના સમયગાળાના પગાર તફાવતની રકમ એરીયર્સ તરીકે અધ્યાપકોને ચુકવવાની થાય જેપૈકી ૨૦ટકા રકમ તા. ૩-૧૦-૨૦૧૨ના પત્રથી રાજ્ય સરકારે રાજયના સરકારી કર્મચારીઓની જેમ પીએફમાં જમા કરાવવાનો પરીપત્ર કર્યો હતો. તેને બદલે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીમાંથી દરેક કોલેજોને જણાવવામાં આવેલ કે, તા. ૧-૧-૨૦૦૬થી તા. ૩૧-૩-૨૦૧૦ સુધીનો તફાવત ગણી તેમાં ૨૦ ટકા રકમનું બીલ બનાવી મોકલવાનું રહેશે. આ સમગ્ર મુદ્દે ઉત્તર ગુજરાત અને ગુજરાત યુનિવર્સિટી વિસ્તારના અધ્યાપક મંડળના સેક્રેટરી અને યુનિવર્સિટીના સિન્ડીકેટસભ્ય પ્રો. જશવંત ઠક્કરે શિક્ષણ સચિવ સમક્ષ લેખિત અને મૌખિક રજુઆત ડીસેમ્બર માસમાં કરેલી હતી કે ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોના અધ્યાપકોને પણ સરકારી કોલેજના અધ્યાપકોની જેમ તા. ૧-૪-૨૦૦૯થી તા. ૩૧-૩-૨૦૧૦ સુધીનો એક વર્ષનો પગાર તફાવત રોકડમાં ચુકવવાની સુચના ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીમાં આપવી જોઈએ.





**બદલતા વાતાવરણનું મહત્ત્વ સમજાવતા એન.સી.સી. કેડેટો**

કર્નલ સંદીપ કે સીંગ કમાંડીગ ઓફીસર-૨, ગુજરાત ઇંડેવ કોચ એન.સી.સી. દ્વારા બદલતા વાતાવરણમાં મહત્વ સમજાવતા ૫૧૪ એન.સી.સી. કેડેટ્સ ભાગ લીધો. તેમણે રેલી દ્વારા જણાવ્યું કે વાતાવરણમાં થતાં ફેરફારો ચોક્કસપણે વ્યક્તિ અને તેની આસપાસની દુનિયા પર અસર કરે છે. આ અસરોને દુનિયા સમક્ષ લાવવી જરૂરી છે. કારણ કે વાતાવરણ પર નિર્ભર કરતા માત્ર મનુષ્ય જ નહીં પણ સાથે સાથે પ્રાણીઓ તેમજ કુદરતી રીતે પ્રાપ્ત થતી દરેક વસ્તુઓ ઉપર પણ અસર કરે છે. ઘણા સામાજિક કાર્યકરો વાતાવરણને હરિયાળું બનાવવા પ્રયત્નોમાં લાગેલા છે. 'બદલતા વાતાવરણને મહત્વ' વિષય પર દિવસ ઉજવવા, તેથી ૮-૩૦ થી ૯-૩૦ સુધી લાઈટ બંધ રાખવા વિનંતી કરી હતી. કર્નલ સંદિપ કે સીંગ સ્ટાફ, અને બધા કેટેડ્સ-૨, ગુજરાત કંપની ગાંધીનગરે સંકલ્પ લીધો હતો.

## આવો અંગ્રેજી શીખીએ

- ચેતના બુચ

મિત્રો, આપણે આ કૉલમ શરૂ થઈ ત્યારથી અંગ્રેજી વ્યાકરણના નવ કાળનો સવિસ્તાર અભ્યાસ કર્યો. તદ્‌ઉપરાંત વ્યાકરણના અનિવાર્ય અંગો, **Articles, Pronouns, Adjectives, Adverbs, Voice, Phrase-clause, Noun case, Sentences** વગેરેનો ઉ.દા. સાથે પણ અભ્યાસ કર્યો.

હવે, આજે આપણે આટલા મહાવરા પછી ગુજરાતમાંથી અંગ્રેજીમાં વાકયોનું ભાષાંતર ઉપરોક્ત વ્યાકરણના મુદ્દાને ધ્યાને રાખીને કરીશું.

સૌ પ્રથમ થોડાંક વાકયોનું ગુજરાતીમાં અંગ્રેજી ઉ.દા. સાથે નીચે આપવામાં આવેલ છે. તેના અભ્યાસ બાદ આપ કેટલાંક વાકયોને મહાવરા તરીકે આપ કરશો તો આત્મવિશ્વાસ વધશે.

ઉ.દા.

(૧) મારો ભાઈ મુંબઈ ગયો છે.

➜ **My brother has gone to Mumbai.**

(૨) સૂર્ય આપણને ગરમી અને પ્રકાશ આપે છે.

➜ **The Sun gives us heat and light.**

(૩) જુઓ, પેલાં બાળકો અત્યારે ક્રિકેટ રમી રહ્યાં છે.

➜ **See, those Chindren are playing Cricket now?**

(૪) તમે કયારેય જયપુર ગયા છો?

➜ **Have you ever gone to Jaipur?**

(૫) અમે ગઈકાલે અમદાવાદ ગયા હતા.

➜ **We had gone to Ahmedabad Yesterday.**

તો ચાલો તૈયાર થઈ જાવ કેટલાંક વાકયોનું ગુજરાતીમાંથી અંગ્રેજી કરો.

(૧) મારી બહેન દૂધ પીવે છે, ચા પીતી નથી.
(૨) મેં કદી સિગારેટ પીધી નતી.
(૩) તે દરરોજ કેટલાં વાગે ઊઠે છે?
(૪) રીટા બે અઠવાડિયાંથી બિમાર છે.
(૫) તેઓ કયારેય જુઠ્ઠું બોલતાં નથી.
(૬) દેવ્યાની અત્યારે સુંદર કવિતા વાંચી રહી છે.
(૭) અમે દરરોજ સાંજે ચાલવા જઈએ છીએ.
(૮) તમારા પિતાઓ આ પત્ર લખ્યો છે.
(૯) પેલી ગાડી ત્યાં કોણે પાર્ક કરી?

### ★ પરિચયાત્મક શબ્દો ★

મિત્રો, આજે આ વિભાગમાં મુસાફરી **(Travelling)** ને લગતા નવા શબ્દોનો પરિચય મેળવીએ.

**Sojourn** (સજોર્ન ) મુકામ
**Bait** (બેઈટ) ભાતુ
**Cubby hole** (કબ્બી હૉલ) નાનું આશ્રયાસ્થાન
**Trudge** (ટ્રજ) ચાલીને મુસાફરી
**Ruck Sack** (રક સેક) પ્રવાસી થેલો

## મિત્રતા ખાતર પત્નિનો ત્યાગ કરતા પતિરાજ...

**સમાજ ચિંતન**

- પોપટલાલ પ્રજાપતિ

'અબલા નારી હાય, તેરી યહી કહાની..' કોણ જાણે સ્ત્રીઓનુ સર્જન યાતનાઓ સહન કરવા જ થયું હોય તેમ લાગે છે. જો જગતમાં સ્ત્રીઓ ન હોત તો પુરુષો સીતમ ગુજારવા માટે કોનો ઉપયોગ કરત? જમાનો બદલાય તેમ સીતમના પ્રકારો પણ બદલાય છે. શારીરિકના બદલે માનસિક અત્યાચારનું પ્રમાણ હવે વધતું જાય છે.

એક ગરીબ પરીવારની કન્યા વનિતા બચપણમાં પિતાની છત્રછાયા ગુમાવી ચૂકી છે. માંડ માંડ ગુજારો કરતી માતાએ દીકરી ઉંમર લાયક થતાં તેના હાથ પીળા કરી નાંખ્યા અને જવાબદારીમાંથી મુક્ત થયાનો સંતોષ મેળવ્યો. પણ ગરીબાઈના માથેથી આફતોના ટોપલા કયારેય દૂર થતા જ નથી. દીકરી પરણીને સાસરે આવી, જિંદગીના રંગીન સપનાઓ લઈને. એને જિંદગીનું નવા ઢંગથી સંવર્ધન કરવું હતું. પી.ટી.સી. બાદ તેને શિક્ષિકા તરીકે નોકરી મળેલી એટલે ભરણ-પોષણની કોઈ ચિંતા ન હતી. પતિ વિશાલ માર્કેટીંગના વ્યવસાયમાં બે પાંચ હજાર કમાઈ ગાડું ગબડાવ્યે જતો પણ વનિતાને આશા હતી કે અમે પતિ-પત્નિ સાથે મળી એક નવા અધ્યાયનો પ્રારંભ કરીશું. જેમાં વેદનાનો ઓછાયો નહી હોય. હવે ગરીબાઈના દિવસો પૂરા થશે અને સોનાનો સૂરજ ઉગશે.

દામ્પત્યજીવનમાં આમ તો કોઈ તકલીફ પડે તેમ નહોતી પણ કેટલાકને પેટ ચોળીને પીડા ઉભી કરવાની ટેવ હોય છે. સમજદારીનો અભાવ વણજોઈતી આફત નોતરે છે. સામાન્ય રીતે ખાલી ઘડો વાગે ઘણો એવો ઘાટ ઘડાતો હોય છે. યાતાના ભોગવવા ટેવાયેલા લોકોને સુખ અને શાંતિમાં ચેન પડતું નથી. પતિ વિશાલને એક જીગરજાન મિત્ર હતો. બંનેને એક બીજા વગર ઘડી ચાલે નહી. એક પ્રેમી પોતાની પ્રેમિકાને મળવા જેટલો આતુર હોય છે એટલી જ આતુરતા વિશાલને પોતાના મિત્રને મળવામાં રહેતી. કેટલાક લોકો મજાકમાં તેને વિશાલની ઘરવાળી કહેતા...

નવરાશની પ્રત્યેક પળ વિશાલ પોતાના મિત્ર સાથે ગુજારતો. એટલે સુધી કે તેના નવા નવા લગ્ન થયેલાં છતાં મોડી રાત સુધી તે મિત્રના ઘરે જ ગપાટા મારતો હોય. પત્નિના સહવાસની તેને કયારેય ઝંખના જાગતી નહી. રજાના દિવસે આખો દિવસ મિત્ર સાથે જ ફર્યા કરે. મિત્રના ધરમાં એક જ ભાણે જમે. તેના ઘરમાં કચરા પોતુ કરે અને એક જ પથારીમાં...

એક વાર વનિતાએ વિશાલને કહ્યું તમને મારા કરતાંય મિત્રમાં કેમ વિશેષ રસ છે? આપણા નવા લગ્ન થયા છે. હરવા ફરવાનો બાગ-બગીચામાં કે પિકચરો જોવા જવાની મને પણ ઈચ્છા થાય. આપણે સજોડે સગેવહાલે જઈયે તો અમારા પરીવારને પણ સંતોષ થાય તે દીકરી સુખી છે. પણ તમે તો નવરાશની પળો મિત્ર સાથે જ વિતાવો છો. મારા અરમાનોનુ શું? તમે મારાથી નારાજ છો કે શું? વિશાલે કહ્યું, ના. એવું કંઈ જ નથી. તને જોઈએ તે માગ, હું તારી જરૂરીયાતો પૂરી કરીશ પણ મારા જીગરજાન મિત્ર વગર મને ચેન પડતું નથી. હું અને મિત્ર બે માંથી કોઈ એકની પસંદગી કરવાની થાય તો હું મિત્રને પસંદ કરીશ. તને નહી. પતિ બોલતો ગયો અને વનિતા હૃદયના ધબકારા વધતા ગયા. તે એ શબ્દ પણ બોલી ન શકી, પણ આંખમાંથી વહેતી અશ્રુધારાએ તેના ભીતરની વેદનાનુ પ્રમાણપત્ર આપી દીધું. એ સુનમુન બની ગઈ પણ હજુ તેણે આશા છોડી નહી. તેણે વિશાલને પ્રેમથી સમજાવવા કોશિશ કરી.

સમય વિતતો ગયો તેને એક બાળક પણ થયું. વનિતાના જીવનમાં આશાનો સંચાર થયો. હજુ પતિદેવના વર્તનમાં કોઈ પરિવર્તન જણાતું ન હતું અને એક દિવસ વનિતાએ સાસુના આગળ હૈયુ ઠાલવ્યું. તમારા દીકરાને મારામાં રસ નથી. અને લગ્નની પ્રથમ રાત્રિથી આજ સુધી તેનો પતિ ફકત ખપ પુરતો વ્યવહાર રાખે છે તેની સીલ સીલાબંધ વાતો કવરમાં લખી સાસુમાને બંધ કવર આપ્યું. રૂબરૂ બધી વાતો કરવામાં વનિતાને મર્યાદા નડતી હતી. દામ્પત્યજીવનની કેટલીક વાતો એવી હતી જે ફકત એક સ્ત્રી આગળ જ વ્યકત થઈ શકે તે બધી વાત તેણે પત્ર દ્વારા જણાવી. પણ સાસુમા તો વિશાલની સગી માતા નિકળી.. તે ફકત મા હતી સાસુ નહી. સાસુને મા બનતાં ન આવડ્યું. ઉલટાનું સાસુમાએ વનિતાને ઠપકો આપ્યો પુરુષ તો તાંબાનો લોટો કહેવાય. ઘસો એટલે ઉજળો... વનિતા સમસમી ગઈ તે અકળાઈ, મુંઝાઈ, માતાને વાત કરીશ તો માતા આત્મહત્યા કરશે. પિયર પક્ષમાં પિતા છે નહી, કાકા, મામા નથી કોણ ઉકેલ લાવે? અને ઉકેલ પણ શું? કેવળ છુટાછેડા...

ફરી વનિતાએ પતિને સમજાવવા કોશિષ કરી કે આપણે બા ને સાથે લઈ અલગ રહેવા જઈએ. મારી નોકરી કાયમી છે. ધીમે ધીમે પગભર થઈ બે પૈસા બચત પણ થશે... પણ વિશાલે જવાબ આપ્યો કે તારે ભાઈ-ભાભીની સાથે જ રહેવું પડશે.. પ્રશ્ન જેમનો તેમ છે પત્નિએ સમજી શકતી નથી કે પતિને પોતાની પત્નિ કરતાં મિત્રમાં વિશેષ રસ પડે તેમાં કયુ કારણ હોઈ શકે?

સમાજની માનસિકતા ખાડે ગઈ છે તેમાં નીત નવા પ્રસંગો એવા બનતા રહે છે કે જેનો ઉકેલ પરમાત્મા પણ ન લાવી શકે. લગ્ન જીવન ખૂબ ઝડપથી તુટી રહ્યા છે. લગ્નો તોડવા માટેના કોઈ બુદ્ધિગમ્ય કે સોલીડ કારણો હોતા નથી. કાં તો સમજદારીનો અભાવ કાંતો બેસુમાર તુમાખી. લોકોમાં પત્નિને ગુલામી દશામાં રાખવાની વૃત્તિ હજુ કાયમ છે. સામાજિક પ્રસંગોમાં સત્ય બોલવાની, સત્ય સમજવાની કે સત્ય જોવાની ક્ષમતા ગુમાવી ચુક્યા છીએ. સામાજિક ધોરણોમાં એક જ પ્રસંગના દરેક માપદંડો અલગ હોય છે. લાગે છે કે નીત નવી સમસ્યાઓ સમાજને છિન્નભિન્ન કરી નાખશે. હવે તો ભગવાન બચાવે આ પરિસ્થિતિથી...

(ઉપરોક્ત પ્રસંગમાં પાત્રોના નામ બદલેલ છે.)